
જાન્યુઆરી – ૨૦૧૮

અંક – ૧૦

# અરુણોદય



સંપાદકીય બોર્ડ

- એચ.ડે. જોષી
- એસ.કે.મહેતા
- એમ.એમ.ઠક્કર


## અનુક્રમણિકા

- મારું વર્માનગર
- માનવતાની મૂડી
- શ્રમની તાકાત
- કળયુગની હકીકત સાંભળો
- લઘુકથા, હાયકું, મુક્તક
- વિમ્પૂરા
- કંપની ગીત
- ઉત્સાહ અને સ્ફૂર્તિનો સમન્વય એટલે રમત "
- શાળા ની પ્રવૃત્તિઓ

એક વર્ષ ની સફળ સફર



શિયાળે સોરઠ ભલો ઉનાળે ગુજરાત
ચોમાસે વાગડ ભલો કચ્છડો બારે માસ.
" કચ્છ નહીં દેખા તો કુછ નહી દેખા "
અસાંજો કચ્છ અસાંજો વર્માનગર
મારું વર્માનગર
શ્રી શ્યામજી કૃષ્ણ વર્માનગર



**કે.એ.તન્ના**
પ્રાથમિક શિક્ષક

કચ્છ માંડવી માં જન્મેલા પનોતાપુત્ર – ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણના નામથી અમારા નગરનો ઉદય થયેલ છે. જે પશ્ચિમ કચ્છમાં મીની ગાંધીનગર જેવું રળિયામણું છે. આમ તો મારુ કચ્છ પછાત છે. પણ એ મ્હેણાને ભાગવામાટે કુદરતે બીડું ઝડપ્યું હોય એમ લિગ્નાઇટ ની ખાણ ની ગોડ ગીફ્ટ મળી છે. એ ખાણમાં કોલસો(લિગ્નાઇટ) કાળો છે. પણ ગુજરાત ભરમાં અજવાળું પાથરવા નીકળી પડે છે લિગ્નાઇટ આધારિત થર્મલ પાવર સ્ટેશનોની વણઝાર ઉભી થયેલી છે. સાંઘી સિમેન્ટ અને અન્ય સિમેન્ટ કંપનીઓને આવવા માટે આનંદ થતો હોય તેમ સિમેન્ટ ની ફેક્ટરીઓ એ અહિંયા ધામા નાખ્યા છે. વર્માનગર લખપત તાલુકાનું માનીતું નગર છે. જે સુવિધાથી સભર છે. કોલોની લોકોના આકર્ષણ નું કેન્દ્ર છે. આ પ્રોજેક્ટ માં કેટલાય પ્રોજેક્ટ મેનેજરો જ્ઞાન અને અનુભવ ના કારણે આજુબાજુના લોકોને રોજગારી આપવામાં સફળ રહ્યું છે. ટ્રાન્સપોર્ટ ઉધોગ , લોજીંગ – રેસ્ટોરન્ટ , રીપેરીંગ , ટાયર પંચર વગેરે ધંધા રોજગાર ને પ્રાણવાયુ પૂર્યો છે. આ માઇન્સ ની શરૂઆત એસ.કે. દિવાન સાહેબના વરદ્ હસ્તે થઇ ત્યારબાદ માથુર સાહેબ, શર્મા સાહેબ , ઠાકોર સાહેબ, જોષી સાહેબ, સોની સાહેબ, પટેલ સાહેબ , ગર્ગ સાહેબ આ સર્વે વડાઓના વડપણ નીચે માઇન્સ ઉત્તરોતર પ્રગતિના શિખરો શર કરી ચુકી છે. વર્તમાન સમયમાં શ્રી દાસ સાહેબના વડપણ હેઠળ સદર પ્રોજેક્ટ કાર્યભાર માં આગળ વધી રહયો છે. મારા વર્માનગર માં હોસ્પીટલ , ક્લબ હાઉસ , બેંક , ઘંટી , ગેસ ગોડાઉન અને શ્યામજી કૃષ્ણ વર્મા વિધાલય નામધારી શિક્ષણ સંસ્થા તાજેતરમાં નવા શણગાર સજીને શિક્ષણ નું શિખર સર કરવા સજ્જ બની ગઇ છે.

મને કહેતા ગર્વની લાગણી અનુભવાય છે કે મારી શાળા કદાચ મારી ભુલ ન થતી હોય તો ડીજીટલ સ્કુલ તરીકે ગુજરાત ભરમાં પ્રથમ હશે. અમારા દાસ સાહેબ ને શિક્ષણ માં એટલો બધો પ્રેમ છે. અમે માગ્યું એ કરતાં સવાયુ અમને આપ્યુ છે અને આપવાની એમની ગતિ અવિરત ચાલુ જ છે. કદાચ મને એમ લાગે છે. એમણે એમની દરેક ફરજ અદા કરી છે. હવે આગળની જવાબદારી અમારા શિરે છે. હવે એમની આકાંક્ષા – અપેક્ષા સંતોષવી એ જ અમારું લક્ષ્ય હોવું જોઇએ. એ કરવા મા સરસ્વતી અને શક્તિ ને સમજણ ભાવ આપે એવી પ્રાર્થના.

મારી શાળાની શરૂઆત ગુજરાતી માધ્યમ પ્રા.વિભાગ સને ૧૯૮૧ માં થઇ અંગ્રેજી માધ્યમ પ્રા.વિભાગ ૧૯૮૮ , માધ્યમિક વિભાગ ગુજરાતી માધ્યમ -૧૯૮૮ , અંગ્રેજી માધ્યમ ૧૯૯૬ અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ -૨૦૦૦ થી થઇ.

આ શાળાનું હાલમાં માધ્યમિક વિભાગમાં ઇનચાર્જ આચાર્ય તરીકે એસ.જે.મહેતા સાહેબ સંભાળી રહયા છે. જ્યારે પ્રાથમિક વિભાગ માં જે.એસ.પાઠક સાહેબ કાર્યભાર સંભાળી રહ્યા છે. આ બન્ને વડા ના વડપણ હેઠળઆ શિક્ષણ સંકુલ માં રામસેતુ વખતે ખિસકોલી એ કરેલી ભુમિકા જેવી એક નાનકડી ભુમિકા તન્ના સરનેઇમથી શિક્ષણકાર્યનો નમ્ર પ્રયાસ કરી રહયો છું.



# માનવતાની મૂડી



પી.બી. પ્રજાપતી
ઉચ્ચ માધ્યમિક શિક્ષક

સંત , સપૂત અને તુંબડા હમેશા પોતે તરે છે અને બીજાને તારે છે. પ્રેમનું જીવન પરમાર્થમાં પૂરું થાય છે. જગત માં ઘણા માનવીઓ માત્ર સ્વાર્થ માટે કાર્ય કરતા હોય છે, સંબંધો રાખતા હોય છે. તેમના જીવનમાં કદી પરમાર્થ હોઇ શકે નહિ. જેમણે પોતાના જીવનમાં પરમાર્થને પચાવ્યું છે તેઓ આ વિશ્વમાં અમર થઇ ગયા છે.

તેમનું જીવન માનવતાની મહેકથી મહેકી રહે છે. તેમણે જીવનમાં ધનસંપત્તિની મૂડી કરતાં માનવતાની મૂડી વધારે ભેગી કરી હોય છે. તેઓ માનવ ધર્મ ખરા અર્થમાં બજાવી જાણે છે.



આપણો જન્મ અને મરણ કુદરતના હાથમાં છે પરંતુ સત્કાર્ય , પરમાર્થ , સદ્ગુણ , માનવતા , પ્રેમ , દયા , ભાવના જેવા અમૂલ્ય ગુણોને જીવનમાં વણી લેવા એ માનવીના હાથની વાત છે.

જગત માટે સૂર્યને પ્રકાશવું પડે છે, ચંદ્ર શીતળતા આપે છે , વૃક્ષો પરમાર્થ માટે પોતાનું સમર્પણ કરે છે, ફળફૂલ અને છાંયડો આપે છે. ઘર બાંધવા લાકડું આપે છે. અસહ્ય ગરમી વેઠીને વટેમાર્ગુ વૃક્ષોની છાયામાં આરામ કરે છે.

માનવધર્મથી મહાન બીજો કોઇ ધર્મ નથી. ધર્મના વાડામાં અને જાતિવાદના આટાપાટામાં માનવી અટવાયો છે. તો વળી માનવતાના નામે દુરુપયોગ કરી રહ્યો છે. એટલા માટે જ તો કહેવાયું છે ને કે : " હું માનવી માનવ થાઉં તો ઘણું " માનવ તરીકેનું તેનું વર્તન બીજા પ્રત્યે સહાનુભૂતિપૂર્ણ હોવું જરૂરી છે. સંતો બીજા માટે જીવે છે , સપૂત બીજાને માટે શહીદ થાય છે અને તુંબડા પોતે તરે છે અને અન્યને તારે છે – આ તેમની માનવતા છે. માનવ થઇને આપણે જરૂર વિચારીએ કે આપણાં પર પ્રભુના અનંત ઉપકારો છે. એક માનવ તરીકે બી બધી સંપતિ કરતાં માનવતાની મૂડી જો આપણે એકઠી કરીએ તો તે ઉન્નત માનવજીવનનું લક્ષણ અવશ્ય ગણાશે.

આગામી દિવસોમાં જ આવી રહેલી નાતાલ કે જે ઇશુ ખ્રિસ્તનો જન્મદિન ગણાય છે. તેવા કરુણાવતાર ઇશુ એ લોકોનાં પ્રેમ વહેંચીને માનવતાની કિંમતી મૂડી કમાવી તો વળી મધર ટેરેસાએ દીનદુખિયાની સેવા કરી પોતાનું માનવ જીવન સાર્થક કર્યું. ધન્ય છે એવા માનવજીવનને જેણે પોતાનું જીવન સમગ્ર માનવજાત માટે સમર્પિત કર્યું.

# ત્રણની તાકાત

૧. ત્રણ વસ્તુ ક્યારેય કોઈની રાહ જોતી નથી,
સમય, ગ્રાહક, મૃત્યુ
૨. સુખનાં સરળ સોપાન ત્રણ છે:
કમ ખાવ, ગમ ખાવ, ફરવા જાવ.
૩. ત્રણને ઉગતા જ રોકી દેજો:
રોગ, દેવું, શત્રુ
૪. ત્રણ સદા તમારી સાથે જ રાખજો:
પ્રેમ, આશા, ક્ષમા
૫. યુવાનો ત્રણ ગુણ કેળવજો:
તેજસ્વીતા, તત્પરતા, તપસ્વીતા
૬. માણસની પરીક્ષા ત્રણે સ્થળે:
ખાટલે, પાટલે, બાટલે
૭. આ ત્રણ જીવનભર ગુમાવશો નહીં:
ખુદ્દારી, ખુમારી, ખાનદાની
૮. સ્વ – માં વસ, પરથી ખસ, પ્રભુમાં વસ:
આટલું બસ
૯. હિતકર ખાજો – સમયસર ખાજો – માપસર ખાજો ને,
સો વર્ષ જીવજો
૧૦. ત્રણ ટકતાં નથી:
જ્ઞાન વિનાની ચર્ચા, મૂડી વગર વેપાર, સમજણ વિના સત્તા.
૧૧. જીવનમાં આ ત્રણ કરતા નહીં:
લોભ, લાલચ, લાંચ
૧૨. ભગવાનને પ્રસન્ન રાખવા જરૂર કરજો:
ભજન, ભક્તિ, ભરોસો
૧૩. આ ત્રણને સદાય દેવ સમાન માનજો:
માતા, પિતા, ગુરુ
૧૪. કુટુંબમાં સુખી થવા આ ત્રણ કદી કરતા નહિ:
ક્રોધ, કકળાટ, કપટ
૧૫. આ ત્રણ ઉપર ક્યારેય ભૂલથી ય હાથ ઉપાડતા નહિ:
માં, દીકરી, પત્ની



શ્રીમતી અસ્મીતાબેન એચ. ત્રિવેદી
પ્રાથમિક શિક્ષક

# કળયુગની હકીકત સાંભળો



બી.પી. દવે
માધ્યમિક શિક્ષક

ધર્મ છે
પણ
આચરણ
નથી

સંપતિ છે
પણ
શાંતિ
નથી

માણસ છે
પણ
માનવતા
નથી

ડીગ્રી છે
પણ
નોકરી
નથી

કુટુંબ છે
પણ
કર્તવ્ય
નથી

સુંદર છે
પણ
સુશીલ
નથી

ઇશ્વર છે
પણ
શ્રદ્ધા
નથી

રાત છે
પણ
ઊંઘ
નથી

શાણપણ છે
પણ
શરમ
નથી

દુકાન છે
પણ
ધંધા
નથી

કળા છે
પણ
કદર
નથી

સાધુ છે
પણ
સદગુરુ
નથી

સુધરેલ છે
પણ
સંસ્કાર
નથી

ભણેલા છે
પણ
ગણેલા
નથી

ભાઈઓ છે
પણ
ભળતા
નથી

ભગવાન છે
પણ
ભક્તિ
નથી

વેપાર છે
પણ
નફા
નથી

સગાંઓ છે
પણ
સંપ
નથી

સમાજ છે
પણ
સમજણ
નથી

સરકાર છે
પણ
સજાગ
નથી

સંસાર છે
પણ
સુખી
નથી



જી. આર. પંડ્યા
પ્રાથમિક શિક્ષક

## લઘુકથા

"હુલ્લો" બેન બાબો  વાંચતો નથી
હરેક  સાંજે ક્રિકેટ રમવા જતો રે છે શું કરૂ ?
"શિક્ષકે"  વચારી ને મન માં નિર્ણય કર્યો
હવે ! તેને ઘરે  ગયા " પરિસ્થિતીથી વિહવળ થયાં
તેની પાસે  જઇ ને કહયું  તારે  મારી  સાથે બધુ જ
કામ માં  મને મદદ કરજે , દરરોજ તેનું આવવું
પોતાના વખાણ થી" પોતાનું હારેલુ મન ઉભુ થયું
"સ્નેહ , લાગણી , થી મન ખુલ્યું" કર્યું કામ ને
તેને શિક્ષક ને કહ્યું "નાપાસ થયો છુ " શરમ આવે છે.
અરે ? ભણે એજ પાસ – નાપાસ થાય.
ના ભણે તે શુ થાય ?  બોલ જોઉ
આત્માવિશ્વાસ જાગ્યો , વર્ષ સતત સંપર્ક
આખરે " પરીક્ષા આપી"  રીઝલ્ટ"
પાસ થયો જાણી " અભિભૂત થયો"  મેડમ " મેડમ"....
શિક્ષક ની આંખ માં આજ "જીંદગી" એક જીતી
વિધાર્થી ની આંખમાં ભવિષ્ય ની સવાર ઉગી

## હાયકું

"મત પેટી માં"
ભાવિ બંધ પક્ષો નું
વિધાતા જાણે ........

## મુક્તક

"હુ અને તું" " તુ ને હું "
બે   નયન માં "ઘણી"
"વાતો કરી ગયાં" આવતી પળો નું
"સુપ્રભાત"  માંડી ગયાં

તુલસી દિકરી ને વેલ
મારા પ્રાગણમાં પ્રજવલ્લીત થૈ
નિહાળુ "જનક" "તાત" સીતા ને લાડ કરી  ને........

# " વિખૂટા "



"કાશ"
કાશ્મીરા હિમાંશુ ગોર

મળી મળી ને પડવું વિખૂટા;
કિદયે ના મળીએ તો કેમ ?
મળે કિનારા ને મોજા રોજ;
ને ક્ષણમા પડે ફરી વિખૂટા;
પૂછું હું એ કિનારાને મોજાઓ
કિદયે ના મળે તો કેમ?
એક વૃક્ષ ઊભૂ અનંત વર્ષોથી ;
ત્યાં આવે અનેક પક્ષીઓ,
આવે,બેસે,મળે, ખાઈ વિસામો ઊડી જાય.
પૂછું હું એ વૃક્ષને પક્ષીઓ,
કિદયે ના મળે તો કેમ ?
તરસી ધરતી પર નાચે મેઘધારા ને,
બાષ્પ બની ઊડી જાય ફરી અવકાશે,
પૂછું હું એ તૃષિત ધરતીને- મેઘધારા કિદયે ના નાચે તો કેમ?
મળી મળી ને પડવું વિખૂટા;
કિદયે ના મળીએ તો કેમ ?

## कंपनी गीत



बिना डी. भट्ट
सेक. स्कूल टीचर

खुद रही है जमीन निकल रही है मैंगनीज, बॉक्साइट, लिग्नाइट, फ्लुओरोस्पर
पहचान है इसकी जी.एम.डी.सी., किया है इसने ऊचाईयों को पार |
दे रही है यह हम सबको परंपरागत व अपरंपरागत उर्जा
साथ ही वृक्षारोपण कर, दी है इसने इस धरती को जीने की उर्जा |
किया खड़ा सी.एस.आर. और उठाया है सामाजिक उत्तरदायित्व
खोले नए स्कूल और कॉलेज, फिर कौन मिटा सकेगा इसका अस्तित्व ||१||
खुद रही है जमीन निकल रही है मैंगनीज, बॉक्साइट, लिग्नाइट, फ्लुओरोस्पर
पहचान है इसकी जी.एम.डी.सी., किया है इसने ऊचाईयों को पार |
खेल कूद और इतर प्रवृत्ति में भी, क्यों रहे इसके कर्मचारी पिछड़े जैसे,
किया आयोजन, बनाया हमें समान मोर के पींछ जैसे |
पहले था "मिनरल्स, पॉवर, फ्यूल" अब है "फ्युएलिंग द ग्रोथ" इसका लोगो
हमें तो विश्वास है, बनेगा जी.एम.डी. सी. स्वर्णिम, पहचान लो इसे लोगों ||२||
खुद रही है जमीन निकल रही है मैंगनीज, बॉक्साइट, लिग्नाइट, फ्लुओरोस्पर
पहचान है इसकी जी.एम.डी.सी., किया है इसने ऊचाईयों को पार



# "ઉત્સાહ અને સ્ફુર્તિનો સમન્વય એટલે રમત"



કુ. એન.બી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

અતિશય ઝડપી યુગમાં જ્યારે માનવ જીવી રહયો છે ત્યારે તેની પાસે ટાઈમ નથી. દરેક જગ્યાએ No time, No time ની બૂમો સંભળાય છે. ભાગદોડ તેમજ તનાવભરી જિંદગી વિતાવી રહ્યો છે તેવા સમયે રમતો માનવમાં ઉત્સાહ ભરવાનું કામ કરે છે.

પહેલાના સમયમાં બાળક રમતાં રમતાં ભણતો તેમજ પ્રકૃતિનો આનંદ લેતો. જ્યારે આજે બાળક ભણતરના ભાર નીચે ભીંસાતો જાય છે અને સતત તણાવ ની અનુભવ કરે છે. રમત રમવા માટે તેની પાસે સમય નથી.

કૃષ્ણકાળમાં શ્રી કૃષ્ણ ખુદ ગોવાળિયાઓ જોડે ગેડીદડા , આંધળાપાટા , સંતાકુકડી જેવી રમતો રમતાં અને ભરપૂર આનંદ મેળવતા માટે જ કહેવાયું છે : Krishna made play divine (કૃષ્ણએ રમતને દૈવી બનાવી).

રમત એ આપણાં જીવનનું અભિન્ન અંગ છે. જો કે વિશ્વસ્તરે આજે કેટલાયે પ્રકારની ઇનડોર , આઉટડોર રમતો રમાય છે. " A healthy nation is always a wealthy nation " ભારત પણ વિવિધ રમતોમાં યોગદાન આપી સિધ્ધિઓ મેળવતું રહેલું છે. નામાંકિત રમતવીરો રાષ્ટ્રની શાન વધારી રહયા છે. પી.ટી. ઉષા , પી.વી.સિંધુ , સચિન તેંડુલકર , મિલ્ખાસિંહ જેવા રમતવીરો આપણા દેશની શાન છે. ' તન તંદુરસ્ત તો મન તંદુરસ્ત

રમત રમવાથી..........

* પોઝીટીવ એનર્જી ક્રિએટ થાય .

* શારીરિક , માનસિક તંદુરસ્તી વધે.



* હાર સહન કરવાની અને જીત પચાવવાની ભાવના નિર્માણ થાય.

* કંટાળામાંથી મુક્તિ મળે અને ઉત્સાહભર્યુ જીવન બને.

* ટીમનો જુસ્સો વધારવામાં પ્રેરણા મળે.




સાથે સાથે જ્યારે રમતોમાં હરિફાઈ વધી છે ત્યારે સ્વાર્થ અને કપટના બદલે ખેલદિલીથી રમતો રમાય તે પણ એટલું જ જરૂરી છે. ચાલો, વ્યસ્ત અને નિરસ જીવનમાં રમતના મહત્વને સ્વીકારી ખેલદિલીની ભાવના નિર્માણ કરીએ.

# શાળા ની પ્રવૃત્તિઓ










































# ભીંત ચિત્ર







## સોલાર પાવર પ્લાન્ટ અને માઈન્સની મુલાકાત



## એસ.પી.સી.





## વિદાય